
# Kids કોર્નર

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશ્યલી તમારા માટે છે. If you have your poem, your story or a game for print અથવા તમે કોઈ એવી સિધ્ધિ મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત With photograph and biodata અહીં મોકલી આપો. આ ખૂણો બિલકુલ તમારો છે. બીજા kidsને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેન્ડ (send) કરો.
e-mail : kidscorner@gujaratmitra.in



# સામસામી ખેંચાણી ને મારી આંખ મીંચાણી

વારતા રે વારતા

એક હતો વાણિયો. વીરચંદ એનું નામ. ગામડામાં રહે. હાટડી માંડે ને રળી ખાય. ગામમાં કાઠી અને કોળીઓને વઢવાડ; બાપદાદાનું વેર.

એક દિવસ કાઠી કથળ્યા અને કોળી ઉમટ્યા. સામસામી તલવારો ખેંચી બજાર વચ્ચે ઊતરી પડ્યા. કાઠીએ જમૈયો કાઢી કોળી પર ઘા કર્યો. કોળી ખસી ગયો ને કાઠી પર કૂદ્યો; એક ઘાએ કાઠીનું ડોકું હેઠું પડ્યું ને તલવાર લોહીલુહાણ.

વાણિયો તો મારામારી જોઈ હબકી ગયો. હાટડી બંધ કરીને અંદર પેઠો. અંદરથી બધું જોતો હતો ને ધ્રૂજતો હતો. ખૂન થયું, કાઠીનું ખૂન થયું; દોડો રે દોડો! એવી બૂમ પડી. આમથી તેમથી સિપાઈસપરાં દોડી આવ્યાં; ગામધણી ને મુખી પણ આવ્યા. બધા કહે - આ તો રઘા કોળીનો ઘા. બીજા કોઈની હામ નહિ! પણ કોરટ-કચેરીનું કામ એટલે શાહેદી વિના કેમ ચાલે?

કોઈ કહે - આ વીરચંદ શેઠ હાટડીમાં હતા. એ આપણા સાક્ષી. ભાળ્યું ન ભાળ્યું એ જાણે. હાટડીમાં તો હતા ને?

વાણિયાને તો પકડી મંગાવ્યો ને કર્યો હાજર ફોજદાર પાસે. ફોજદારે પૂછ્યું - બોલ વાણિયા! તું શું જાણે છે?

વાણિયો કહે - બાપજી! મને તો કશી વાતની ખબર નથી. હું તો હાટડીમાં બેસી નામું લખતો હતો.

ફોજદાર કહે - બસ, તારે જુબાની આપવી જ પડશે. કહેવું પડશે કે બધું મેં નજરોનજર ભાળ્યું છે.

વાણિયો મૂંઝાણો. ડોકું હલાવી ઘેર ગયો. રાત પડી પણ ઊંઘ આવે નહિ. આમ કહીશ તો કોળી સાથે વેર થશે ને આમ કહીશ તો કાઠી વાંસે પડશે. છેવટે વાણિયે મનમાંને મનમાં કૈંક વિચાર કરી રાખ્યો.

બીજે દિવસે કેસ ચાલ્યો. ન્યાયાધીશ કહે - વાણિયા! બોલ. ખોટું બોલે એને પરભુ પૂછે. બોલ જોઈએ. ખૂન કેમ થયું ને કોણે કર્યું?

વાણિયો કહે - સાહેબ!
અહીંથી કાઠી કબકબ્યા ને
ત્યાંથી કોળી હમહમ્યા.
- પછી?
- પછી ઈનું ઈ.
- પણ ઈનું ઈ શું?
- સાહેબ!
અહીંથી કાઠી કબકબ્યા ને
ત્યાંથી કોળી હમહમ્યા.
- પણ પછી?
- પછી?
પછી તો સામસામી ખેંચાણી ને
મારી આંખ મીંચાણી.

એમ કહીને વાણિયો તો કોરટ વચ્ચે જ ફસકાઈને પડી ગયો ને બોલ્યો - અરે સાહેબ! અમે વાણિયા. લોહીનો ત્રસકો ય જોઈ ન શકીએ. ઈ સામસામી ખેંચાણી અને મને તમ્મર તે એવી આવી ગઈ કે પછી સિપાઈસપરા ભેળા થયા ત્યારે જ શુદ્ધિ આવી.

ન્યાયાધીશ કહે - ઠીક; હવે ફરી વાર તારી જુબાની બોલી જા જોઈએ?

વાણિયો કહે -
અહીંથી કાઠી કબકબ્યા ને
ત્યાંથી કોળી હમહમ્યા
સામસામી ખેંચાણી ને
મારી આંખ મીંચાણી.

ન્યાયાધીશે આખરે વાણિયાને રજા આપી ને કાઠીને કોણે માર્યો તે સમજાયું નહિ એટલે કેસ આખો ઊડી ગયો.

# જોડિયાં બાળકોની સિસ્ટમ વિસ્મયી છે..!!

અજબ ગજબ
■ ઈશાની

સામાન્ય રીતે જોડિયાં બાળકોને જોઇને કુતૂહલવશ આપણે તેનામાં વધુ રસ લઇ વાતો કરવા પ્રેરાઇએ છીએ. ભલે આપણા જેવા માણસ જ છે પણ છતાંયે કંઇક વિશેષ હોવાની આપણને અનુભૂતિ થતી હોય છે. જોડિયા ભાઇ કે જોડિયાં બહેનોની સિસ્ટમ આખા વિશ્વમાં છે. જેનું પ્રમાણ દર 1 હજાર બાળકોના જન્મમાં દોઢ-બે ટકા હોય છે. પણ એકબે સ્થળ એવાં છે જ્યાં જોડિયાં બાળકોની જન્મની ટકાવારી 15%થી વધુ છે. ભારતમાં જ કેરળના મલપ્પુરમ શહેરની બાજુમાં કોડિન્હી નામનું નાનું ગામ છે. જ્યાં મોટા ભાગનાં દંપતીઓને જોડિયાં બાળકો જ જન્મે છે. આ ગામમાં જોડિયાં બાળકોની પરંપરા વર્ષોથી છે તેથી પાંચ વર્ષથી લઇ 75 વર્ષ સુધીનાં જોડિયાં ભાઇ કે જોડિયાં બહેન જોવા મળે છે. આ અજાયબ ગામ માટેની વિગતો લેવા કે ઇન્ટરવ્યૂ માટે આવતા મીડિયાના લોકોથી ગામલોકો કંટાળી ગયા છે. એવું જ એક સિટી ઓફ ટ્વીન્સથી પ્રખ્યાત નાઇજીરિયાનું IGBO-ORA નામનું શહેર છે. પોણા ત્રણ લાખની વસ્તી ધરાવતાં આ ગામમાં જોડિયાં બાળકો જન્મવાનું પ્રમાણ દર 1000માં 158 જેટલું છે એટલે કે 15%થી વધુ અહીં જોડિયાં બાળક જન્મે છે એટલે અહીંની બજારોમાં તમે નીકળો તો સરખા ચહેરાના અનેક લોકો જોવા મળતા હોવાથી ડબલ દેખાતું હોવાની ભ્રાંતિ થયા કરે.



અમેરિકાનો જોડિયા બાળકનો કિસ્સો રસપ્રદ છે. આલિયા મોરિસ અને માઇકલ નામના દંપતીને ત્યાં 31 ડિસેમ્બરે જોડિયાં બાળકો જન્મ્યાં. બન્યું એવુ કે 31 ડિસેમ્બરે રાત્રે આલિયાને 11-59 એક બાળક જન્મ્યું અને બીજું 1 જાન્યુઆરી 12-02 મિનિટે જન્મ્યું એટલે કે માત્ર 3 મિનિટનો તફાવત હતો પણ ખરેખર ગણત્રી એવી થઇ કે એક આગલા વર્ષે જન્મ્યું અને બીજું બીજા વર્ષે જન્મ્યું તેથી એક વર્ષનો તફાવત થઇ ગયો. આ અજાયબ કિસ્સાથી આ દંપતી અને બંને બાળકો અમેરિકન મીડિયામાં ખૂબ પ્રસિદ્ધ થઇ ગયાં હતાં.

## હેપ્પી બર્થડે



નામ : વૈશ્વી પટેલ
માતા : શીતલ પટેલ



નામ : દૈવિક પોટે
માતા : પિંકી પોટે

## રસ્તો શોધો



## તફાવત શોધો





## શબ્દો શોધો

WORD SEARCH PUZZLE

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| H | H | A | P | P | L | E | S | Q | P |
| A | C | O | R | N | C | D | D | W | U |
| D | J | T | U | R | K | E | Y | E | M |
| P | E | M | J | R | H | A | T | O | P |
| L | P | A | A | U | T | U | M | N | K |
| X | I | P | D | M | H | F | Y | D | I |
| C | E | L | C | E | S | E | H | E | N |
| O | V | E | C | A | N | D | L | E | B |
| R | G | B | L | E | A | F | F | T | N |
| N | H | A | L | L | O | W | E | E | N |



## ટપકાં જોડો



# PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

## SIGN GAME

Q 1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | | 3 | | 5 | | 7 | = | 2 |
| 2) | 1 | | 3 | | 5 | | 7 | = | 1 |
| 3) | 1 | | 3 | | 5 | | 7 | = | 13 |

## CHANGE THE WORD

Q 2

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| N | E | W |
| | | |
| | | |
| S | P | A |

## CHHOTA SUDOKU

Q 3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 1 | | |
| | 2 | 6 |
| | | |

વર્તુળો: 16, 25, 14, 19

## BROKEN WORDS

Q 4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને લશ્કરને સંબંધિત 7 શબ્દોના નામ બનાવો

| | | | | |
|---|---|---|---|---|
| RRY | SS | ER | EEN | FI |
| OF | FO | MA | CER | SE |
| GR | LO | EX | ME | OD |
| CI | RCH | | | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 2 |
| 5 અક્ષર | 3 |
| 7 અક્ષર | 1 |
| 8 અક્ષર | 1 |

જવાબ
1. FOOD
2. MESS
3. GREEN
4. LORRY
5. MARCH
6. OFFICER
7. EXERCISE

## જવાબો

Q 1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | + | 3 | + | 5 | - | 7 | = | 2 |
| 2) | 1 | × | 3 | + | 5 | - | 7 | = | 1 |
| 3) | 1 | + | 3 | × | 5 | ÷ | 7 | = | 13 |

Q 2

| | | |
|---|---|---|
| N | E | W |
| S | E | W |
| S | E | A |
| S | P | A |

Q 3

| | | |
|---|---|---|
| 1 | 8 | 9 |
| 5 | 2 | 6 |
| 3 | 4 | 7 |

વર્તુળો: 16, 25, 14, 19